# આકાશવાણી ભુજ

**સમાચાર વાચક: આરતી ભટ્ટ**

**કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ**

**તારીખ : ૧૫-૦૬-૨૦૨૪ શનિવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસની તૈયારી:

10મા આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિતે આગામી 21 જૂને રાજ્યમાં કુલ 312 જગ્યાએ યોગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નડાબેટ ખાતે યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ રમતગમત મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે.

ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગા ફોર સેલ્ફ એન્ડ સોસાયટીની થીમ આધારિત યોગ કાર્યક્રમ વધુમાં વધુ લોકો જોડાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં તાલુકા અને જીલ્લા સ્તરે દરેક વિભાગ દ્વારા જેલ, ITI, ગ્રામ પંચાયત સહિત નાના મોટા કુલ 30 હજારથી વધુ કાર્યક્રમ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

દરમિયાન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસની પૂર્વ તૈયારીના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં તા. 14 જૂનથી 20 જૂન સુધી યોગ સપ્તાહ ઊજવવામાં આવી રહ્યું છે, આ અંતર્ગત કચ્છમાં આવતીકાલે ગાંધીધામ ખાતેની હોટલ રેડિશનમાં સવારે છથી આઠ વાગ્યા દરમિયાન યોગ શિબિર યોજાશે.

- (RNU અમદાવાદ)

---

## કચ્છ સાઈબર ક્રાઈમ –હેલ્પલાઇન નંબર:

પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ અધીક્ષક સાગર બાગમાર દ્વારા સાઈબર ક્રાઈમ જાગૃતિ અંગે હેલ્પલાઇનની મદદ લેવા અપીલ કરવામાં આવી છે. હાલમાં વધતાં જતાં સાઈબર ક્રાઈમ ફ્રોડને ધ્યાનમાં રાખીને ઓનલાઈન ફ્રોડને અટકાવવા લોકોને આવા બનાવની ફરિયાદ તાકીદે સાયબર ક્રાઈમ બ્રાંચે કોઈ પણ પ્રકારના ડર રાખ્યા વગર નોંધાવવા કહ્યું હતું.

પોલીસ અધિક્ષકે વધુમાં જણાવ્યું હતું કે આવા કોઇપણ પ્રકારના ફ્રોડના ભોગ બનનાર નાગરિક સાયબર ઓનલાઈન હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરી શકે છે જેથી તાત્કાલિક સાયબર સેલ આવા બનાવો પર એક્શન લઈ શકે છે. સાથોસાથ ફ્રોડ મેસેજ , કોલ, લીંક જેવી લોભામણી જાહેરાતથી સાવધાન રહેવાનું જણાવ્યું હતું.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જીલ્લા સંકલન સમિતિ-બેઠક:

જિલ્લા સેવા સદન ભુજ ખાતે આજે કચ્છ કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને જિલ્લાની સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર સમક્ષ ઉપસ્થિત પદાધિકારીઓએ પ્રજાહિતના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. પદાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રજાના પ્રશ્નોનું તાત્કાલિક નિવારણ લાવવા માટે જિલ્લા કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી જવાબ માંગીને યોગ્ય કાર્યવાહી કરવાના દિશાનિર્દેશો આપ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ સહિત ધારાસભ્યો તેમજ અધિકારીઓએ કચ્છ જિલ્લાની આંકડાકીય વિગતોની પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

- (માહિતી ખાતું, ભુજ)

---

## કચ્છ યુની. પ્રવેશ ફોર્મસ-પ્રથમ તબક્કો:

કચ્છ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ફોર્મ ભરવાનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. સ્નાતક માટે 10 હજાર 668 અને અનુસ્નાતક માટે 2 હજાર 214 મળી કુલ 12 હજાર 882 વિદ્યાર્થીઓએ gcas પોર્ટલ મારફતે ફોર્મ ભર્યા છે.

ઉલ્લેખનીય છે કે, સ્નાતક કક્ષાએ પ્રોવિઝનલ મેરીટ જાહેર થઈ ચૂક્યું છે જ્યારે અનુસ્નાતક અભ્યાસક્રમો માટેનું મેરીટ આગામી દિવસોમાં જાહેર થશે.

સ્નાતક અભ્યાસક્રમો માટે 18 થી 25 જૂન દરમિયાન વિદ્યાર્થીઓ કોલેજમાં જઈ મેરીટમાં નામ ચકાસી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. જ્યારે, અનુસ્નાતક અભ્યાસક્રમોમાં મેરીટ આવ્યા બાદ 25 જૂનથી આ તબક્કો શરૂ થશે.

પ્રવેશ અંગેની વધુ માહિતી મેળવવા યુનિવર્સિટીની વેબસાઈટ અને જીસીએએસ પોર્ટલ પર અપડેટ ચેક કરતા રહેવા જણાવાયું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## કચ્છ-વન્ય પ્રાણી અભયારણ્ય પ્રવેશ બંધી:

કચ્છ જિલ્લામાં વન વિભાગના કાર્યક્ષેત્રમાં આવેલા કચ્છ રણ વન્યપ્રાણી અભયારણ્ય વિસ્તારમાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમની જોગવાઈ મુજબ આગામી ચોમાસા તા. ૧૫ જુન થી ૧૫ ઓક્ટોબર દરમિયાન આવતા પ્રવાસીઓના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવા નાયબ વન સંરક્ષક કચ્છ પૂર્વ વન વિભાગ,ભુજ દ્વારા જાહેરનામું બહાર પાડીને હુકમ કરવામાં આવ્યો છે. આ

હુકમનો ભંગ કરનારા વ્યક્તિ વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## માંડવી ન.પા-ચેક અર્પણ:

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટે લે નગરપાલિકાઓ માટે પ્રથમ તબક્કાના ચેક વિતરણ કર્યા હતા . તે અનુસંધાને જિલ્લાની માંડવી નગરપાલિકાને રૂપિયા ત્રણ કરોડની ફાળવણી કરવામાં આવી હતી જે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ માંડવી નગરપાલિકાના અધ્યક્ષ હરેશ વિંઝોડા ને પ્રથમ તબક્કા માટે રૂપિયા 3 કરોડનો ચેક અર્પણ કર્યો હતો તથા માંડવીના આંતર માળખાકીય વિકાસ કાર્યો માટે રૂપિયા 6 કરોડની ફાળવણી કરવામાં આવતા માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધ દવે એ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

- (આરતી ભટ્ટ)

---